સુવિચાર : તમે ગમે કેટલા પુસ્તકો વાંચશો પણ જો તમે તમારું જીવન પુસ્તક નહીં વાંચો.. તો તેનો કોઈ જ અર્થ નથી - સુરેશ દલાલ

**તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૮ | ૮ સપ્ટેમ્બર, ૨૦૧૫, મંગળવાર ; શ્રાવણ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- મોદી આજે ઉદ્યોગપતિઓની સાથે આર્થિક મુદ્દે ચર્ચા કરશે
- આસામ પુરમાં વધુ પાંચના મોત
- વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૩૦૮ પોઈન્ટ ઘટી ૨૫૦૦૦થી નીચી સપાટીએ
- ડોલર સામે રૂપિયો રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો
- ઈન્દ્રાણી અને ડ્રાઈવરની જ્યુડીશીયલ કસ્ટડી વધી
- ઉધમપુર એટેક મામલે ત્રાસવાદી ઉપર પોલીગ્રાફ ટેસ્ટ કરાશે
- બિહારમાં તમામ બેઠક પર સપા ચુંટણી લડશે
- હરિયાણામાં છઠ્ઠા વર્ષે પણ દુષ્કાળની સ્થિતિ
- દેશમાં ખરીફ પાક વાવણી વિસ્તારમાં વધારો નોંધાયો
- પાકિસ્તાનના સૈનિકો દ્વારા પુછમાં ફરીવાર ગોળીબાર

# દેશમાં ૧૩ ટકા ઓછો વરસાદ

**સતત બીજા વર્ષમાં દુકાળની પરિસ્થિતિ સામાન્ય કરતાં ઓછો વરસાદ રહેતાં હાલત કફોડી બનવાના સંકેત : વર્ષ ૨૦૧૪માં સામાન્ય કરતા ૧૨ ટકા ઓછો વરસાદ રહ્યા બાદ આ વર્ષે સામાન્યથી ૧૦-૧૩ ટકા સુધી ઓછો વરસાદ રહી શકે છે : હવામાન વિભાગ**

નવી દિલ્હી,તા. ૭
વર્ષ ૧૯૮૬-૧૯૮૭ બાદ પ્રથમ વખત ભારતમાં સતત બીજા વર્ષે દુષ્કાળની સ્થિતી રહી છે. દક્ષિણપશ્ચિમ મોનસુન વરસાદ જે ઝડપથી પાછો ખેંચાઈ રહ્યો છે તે દર્શાવે છે કે આ વર્ષે હવે વરસાદની ખુબ ઓછી શક્યતા રહી ગઈ છે. આની સાથે જ દેશમાં સતત બીજા વર્ષે દુષ્કાળના કારણે ભારત સરકાર અને આરબીઆઈ પર તીવ્ર દબાણ રહેશે. સાથે સાથે સામાન્ય લોકોને પણ મોંઘવારી સહિત વિવિધ મોરચે પર વધારે જટિલ સ્થિતીનો સામનો કરવો પડી શકે છે. હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યુ છે કે મોનસુની વરસાદી જે રીતે પાછો ખેંચાયો છે તે જોતા તેની ગતિ સામાન્ય કરતા વધારે ઝડપી છે. મધ્ય ભારતમાં પણ વરસાદ ઝડપથી પાછો ખેંચાઈ રહ્યો છે. દક્ષિણપશ્ચિમ મોનુસુન પશ્ચિમ રાજસ્થાન અને અન્ય ભાગોમાંથી પાછો ખેંચાઈ ચુક્યો છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઉત્તરપશ્ચિમ ભારતના અન્ય ભાગોમાંથી પણ તે ઝડપથી ખેંચાય તેવી શક્યતા છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના વધુ કેટલાક ભાગોમાંથી મોનસુની વરસાદ હવે ખેંચાઈ રહ્યો છે. સામાન્ય રીતે પહેલી સપ્ટેમ્બરથી વરસાદ ખેંચાઈ જવાની શરૂઆત થાય છે પરંતુ આ વર્ષે વહેલી તકે વરસાદ બંધ થઈ ગયો છે. ગયા વર્ષે મોનસુનની સિઝનમાં સામાન્ય કરતા ૧૨ ટકા ઓછો વરસાદ રહ્યો હતો. જ્યારે આ વર્ષે સામાન્ય કરતા ૧૦ ટકા ઓછો વરસાદ રહે તેમ માનવામાં આવે છે. જાણકાર નિષ્ણાંત કહે છે કે કોઈ પણ વર્ષ દરમિયાન મોનસુની સિજનમાં સામાન્ય કરતા ૧૦ ટકા ઓછો

● અનુસંધાન પાન-૭ પર

# સચિવાલય ખાતે આંતરિક પરિવહન માટે નવતર પ્રયોગ

ગાંધીનગર, તા.૭
ગુજરાત સૌર ઉર્જા, પવન ઉર્જા સહિતની બિન પરંપરાગત ઉર્જાના ઉત્પાદન અને વપરાશ દ્વારા વિકાસની નવી ઉંચાઈ હાંસલ કરી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ નેતૃત્વમાં વિકાસના સફળ અને નવતર પ્રયોગની પહેલ કરનારૂં ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. ગુજરાતે સૌર ર્જાના નવતર પ્રયોગ તરીકે સચિવાલય, ગાંધીનગર ખાતે આંતિરક પરિવહન માટે સૌર ઉર્જા આધારિત વાહનોને પરિવહનમાં મુકવાનો આગવો નિર્ણય લીધો છે.

મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે ગાંધીનગરના નવા સચિવાલય સંકુલ ખાતે સૌર ઉર્જા આધારિત ઉત્પાદન ક્ષેત્રે અને ઉર્જા વપરાશ ક્ષેત્રે બિનપરંપરાગત ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરવા ખાસ આયોજન હાથ ધર્યું છે અને તેના ભાગરૂપે રાજય સરકારે સૌર ઉર્જા પોલીસી૨૦૧૫ પણ જાહેર કરી છે. કરી છે તેવી વિગતો આપતા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયના ર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હસ્તકના ગુજરાત પાવર કોર્પોરેશન લી. દ્વારા ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીક વેહિકલ ૦૧



- વાર્ષિક ૧.૬૪ લાખ સૌર વીજ યુનિટનું ઉત્પાદન અને વપરાશ
- વર્ષે અંદાજે ૨૦ હજાર લિટર પેટ્રોલ-ડિઝલની બચત
- ૬૦ ટન કાર્બન ડાયોક્સાઈડ વાયુ વાતાવરણમાં ઠલવાતો અટકશે
- બીજા તબક્કામાં ગાંધીનગર-અમદાવાદ વચ્ચે જાહેર પરિવહન માટે આવા વાહનો ચલાવવાની પૂર્વ તૈયારી

વાહનોની આંતરિક પરિવહન વ્યવસ્થાનો શુભારંભ કરાવતા જણાવ્યું હતું કે, ગુજરાતે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા અને વાતાવરણના પ્રદુષણને નાથવા વીજ બિનપરંપરાગત ઉર્જા સ્રોતમાં મુખ્ય એવા સૌર ર્જાના ઉપયોગ દ્વારા ગાંધીનગર સચિવાલયમાં આંતરિક પરિવહન ક્ષેત્રે એક નવા અધ્યાયની શરૂઆત જીએસઈવી-૧ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર સ્થિત નવા સચિવાલય ખાતે દસ મુસાફરોની ક્ષમતા સાથેના બેટરી સંચાલિત છ વાહનો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના નવ બગીચાઓ મનપાને સોંપાયા

ગાંધીનગર, તા. ૭
ઉદ્યાન નગરી તરીકે ઓળખાતા પાટનગરના નવ બગીચાઓ રાજ્ય સરકારે મહાનગરપાલિકા હસ્તક મુકતાં હવે સેક્ટર નં. ૧ થી ૪ના પાંચ બગીચામાં બાળકો માટે રમત-ગમતના સાધનો મનપા દ્વારા મુકવામાં આવશે.

**સેક્ટર-૧ થી ૪ ના બગીચાઓમાં બાળકો માટે રમત-ગમતના સાધનો મનપા મુકશે : સેક્ટર-૨૭, ૨૪, ૭-ડી અને સે-૧ના તળાવ પાસેના બગીચાનું નવીનીકરણ પણ કરશે**

નવ બગીચાઓની મરામત, જાળવણી તેમજ નિભાવણી ઉપરાંત નવીનીકરણની સેવા સરકારે ફાળવી છે. આ માટે આજે મનપાની સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં આ દરખાસ્ત રજુ કરાઈ હતી જેને બહાલી આપવામાં આવી છે. મનપાની સ્થાયી સમિતિની બેઠક સે. ૧, ૨, ૩, ૩-ન્યુ અને સે. ૪ના બગીચાઓમાં બાળકો માટે રમત-ગમતના સાધનો મુકવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

ગત બેઠકમાં જ રમત-ગમતના સાધનોની કીટ ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત સે. ૨૪, સે. ૨૭માં ડી.એસ.પી. કચેરી પાસેનો બગીચો, સે. ૭-ડીનો બગીચો તેમજ સે. ૧ના તળાવ પાસેના બગીચાના નવિનીકરણની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.

મહાનગરપાલિકાને અગાઉ સર્કલો ડેવલપ કરવા માટે આપવામાં આવ્યા હતા. આ પછી રંગમંચોની પણ મરામત, જાળવણી અને નિભાવણીની જવાબદારી સોંપાયા બાદ હવે નવ બગીચાઓની જવાબદારી સોંપવામાં આવી છે.

મનપા દ્વારા આ કામગીરી કેવી કરવામાં આવે છે તેના પછી વધુ સેવાઓની ફાળવણી કરવામાં આવશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મનપાની સેવાઓમાં વિસ્તાર ધીમી ગતિએ કરી સરાકાર પણ મનપાની ક્ષમતામાં વધારો કરવા માંગે છે.



મહાદેવની પૂજા - પાટનગરના પાદરે પૌરાણિક મંદિર ધોળેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારની વહેલી સવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ભાવપૂર્વક પૂજન-અર્ચન કર્યા હતા... ધોળેશ્વર મહાદેવની પૂજા સમયે મહંત રામસ્વરૂપગીરી સહિત જિલ્લાના આગેવાનો ઉપસ્થિત રહી પૂજન-અર્ચનમાં જોડાયા હતા.



જય સોમનાથ - શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે સોમનાથ દાદાના ચરણે શીશ ઝુકાવવા ભાવિકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. આખા રાજ્યમાંથી શીવભક્તો વહેલી સવારથી જ સોમનાથ મંદિરે દર્શન માટે કતારમાં ઉભા રહી ગયા હતા. પ્રાથમિક અંદાજ મુજબ બે લાખથી વધુ ભાવિકોએ સોમનાથ દાદાના દર્શનનો લીધો હતો.

# દાંડીયાત્રામાં ૧૪ લાખથી વધુ પાટીદારો જોડાશે

**આંદોલનને તોડી પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે : દક્ષિણ ગુજરાતમાં ૧ ૩મીએ દાંડીથી યાત્રા શરૂ થઈને અમદાવાદમાં પૂર્ણ થશે : કોઈ રાજકીય મહત્વકાંક્ષા નથી : હાર્દિક પટેલ**

અમદાવાદ,તા. ૭
પાટીદાર અનામત આંદોલન મારફતે હાલમાં લોકપ્રિયતા મેળવનાર હાર્દિક પટેલે આજે એવી અટકળોને ફગાવી દીધી હતી કે તે કોઈ રાજકીય મહત્વકાંક્ષા ધરાવે છે. હાર્દિક પટેલે કહ્યું હતું કે, આંદોલનમાં સામેલ કોઈપણ વ્યક્તિની ચુંટણી લડવાની કોઈ યોજના નથી. હાર્દિક પટેલે આ ખુલાસો હાલમાં જ મીડિયા અહેવાલ બાદ કર્યો છે. એક દિવસ પહેલાં જ કેટલાક પટેલ નેતાઓએ જાહેરાત કરી હતી કે તેઓ આગામી સ્થાનિક સંસ્થાઓની ચુંટણીમાં મેદાનમાં ઉતરવા માટે યોજના ધરાવે છે. મીડિયામાં અહેવાલ આવ્યા બાદ હાર્દિક પટેલે આ મુજબનો ખુલાસો કર્યો હતો. ૨૨ વર્ષીય હાર્દિક પટેલે કહ્યુ હતું કે, પીસી પટેલ અમારી સાથે જોડાયેલા નથી. તેઓએ ગઈકાલે આ સંદર્ભમાં વાત કરી હતી. તેમની પોતાની પાર્ટી ભારતીય રાષ્ટ્રવાદી પાર્ટી સ્થાનિક સંસ્થાની ચુંટણી લડી શકે છે. જ્યાં સુધી તેમની પાસે માહિતી છે તેમની પાર્ટીની નોંધણી વર્ષ ૨૦૦૩માં કરવામાં આવી છે. હાલમાં ચાલી રહેલ આંદોલનથી લાભ ઉઠાવવાના પ્રયાસ કરવામાં આવી શકે છે તેવો આક્ષેપ હાર્દિક પટેલે કર્યો હતો.

હાર્દિક પટેલ પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર તરીકે છે. જ્યારે પીસી પટેલ સરદાર પટેલ ગ્રુપ સાથે જોડાયેલા છે. પટેલ ક્વોટા માટે કારોબારી સંસ્થા સાથે તેઓ જોડાયેલા છે. ૨૫મી ઓગસ્ટના દિવસે અમદાવાદ શહેરમાં મહારેલી યોજાયા બાદ અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં હિંસા ભડકી ઉઠી હતી. એસપીજીના નેતા લાલજી પટેલે આ સંદર્ભમાં કોઈ વાત કરી નથી. તેઓએ સમાંતર ચળવળ પણ હાથ ધરી છે. હાર્દિક પટેલે આંદોલનથી લાભ લેવાના પ્રયાસ કરી રહેલા કોઈપણ વ્યક્તિથી દૂર રહેવા તેમના પાટીદાર જાતિના લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યુ હતુ કે, રાજકીય પાર્ટીની રચના કરવાની બાબત પટેલ સમુદાયના લોકોને ગેરમાર્ગે દોરવા જેવું છે. પીએએએસ અમારી સાથે જોડાયેલા નથી.

# ધોળેશ્વર મહાદેવથી નદી તરફના રસ્તે ગંદકી જોઈ મુખ્યમંત્રી નારાજ થયા

ગાંધીનગર, તા. ૭
ધોળેશ્વર મહાદેવના પરિસર



અને નદીના પટ્ટ વચ્ચે ગંદકીના થર જોઈ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે તંત્રની ઉદાસીનતા સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી સફાઈનું કામ નિયમિત થાય તે જોવા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પુરાણ પ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવની પ્રદક્ષિણા દરમ્યાન જોયેલી ગંદકીથી નારાજ થયા હતા તેમજ પરિસરની બહાર તર્પણવિધિ અને અન્ય ધાર્મિક ક્રિયાઓ માટે જે ખાડાઓ પડેલા છે તે પુરવા તંત્રને સૂચના આપી

**મંદિરના મહંત રામશ્વરૂપગીરીએ ઓવારણુ, રૂદ્રાક્ષની માળા અને પ્રસાદ આપી સત્સંગ પણ કર્યો**

સમતળ થાય અને શ્રદ્ધાળુઓને વધુ સારી સુવિધા પ્રાપ્ત થાય તે જોવા તંત્રને સૂચનાઓ આપી હતી.

પવિત્ર શ્રાવણના છેલ્લા સોમવારે ધોળેશ્વર મહાદેવમાં પૂજન-અર્ચન માટે મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ સવારે ૮.૪૫ મિનિટે આવી પહોંચ્યા ત્યારે ગુડાના ચેરમેન શ્રી આશિષ દવે, મેયર શ્રીમતિ હંસાબેન મોદી અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, ધારાસભ્યો શ્રી અશોક પટેલ, શ્રી શંભુજી ઠાકોર, શહેર પ્રમુખ શ્રી નીતિન પટેલ અને અન્ય આગેવાનોએ સ્વાગત કર્યું હતું.

શ્રીમતિ આનંદીબેન પટેલે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીના પટેલે સાથે મહાદેવની દૂધ-પાણી, બિલીપત્ર અને કમળનો અભિષેક કરી પૂજા કરી હતી.

આ પછી પરિસરમાં તેમણે મંદિરના મહંત રામસ્વરૂપપુરીજીએ સ્વાગત તિલક કરી કર્યુ હતુ. મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે શંકરાચાર્યજીની મૂર્તિને માલ્યાર્પણ કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં સ્વાઈન ફલુનો પોઝીટીવ કેસ

ગાંધીનગર, તા. ૭
ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરના અંબિકાનગર વિસ્તારમાંથી એક કેસ સ્વાઈન ફલુનો પોઝીટીવ મળી આવતાં આરોગ્યતંત્ર હરકતમાં આવતાં સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

**ગાંધીનગર સિવિલમાં સ્વાઈન ફ્લુ માટે બે વોર્ડ શંકાસ્પદ દર્દી માટે અલાયદો અને પોઝીટીવ આવેથી દર્દી માટે આઈસોલેશનનો ખાસ વોર્ડ તૈયાર**

આવ્યું છે.

આ નવી સીઝનમાં કલોલમાંથી આ બીજો કેસ સ્વાઈન ફલુનો મળી આવેલ છે. અંબિકાનગરની રહીશ ૪૧ વર્ષીય મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આરોગ્ય તંત્રના સૂત્રોમાંના જણાવ્યાનુસાર આ મહિલા દર્દીની તબિયત હાલ સ્થિર છે. તેમજ મહિલા દર્દીના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની

● અનુસંધાન પાન-૭ પર

**હિચકાના કડા**
તોડફોડ કર્યા વગર ફિટ કરી આપવામાં આવશે
તથા પંખાના કડા, મચ્છરદાની તથા R.C.C. ધાબુ તોડવા માટે મળો.
**ચતુરભાઈ**
મો. ૯૯૭૮૮ ૧૪૪૯૫
મો. ૯૯૧૩૮ ૦૧૬૨૪